# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાત્રે 8 વાગ્યે દેશને સંબોધન કરશે.
2. ભારતીય સેનાના લશ્કરી કામગીરીના મહાનિદેશક રાજીવ ઘાઇએ કહ્યું- ઓપરેશન સિંદૂર દરમિયાન લશ્કરની ત્રણેય પાંખો વચ્ચે સંપૂર્ણ તાલમેલ રહ્યો
3. રાજ્યમાં સોશિયલ મીડિયા પર દેશવિરોધી પોસ્ટ કરનાર 14 લોકો સામે FIR દાખલ કરવામાં આવી
4. ધોલેરા-ભાવનગર હાઇવે પર સાંઢીડા નજીક બે કાર વચ્ચે અકસ્માત થતાં મહિલા સહિત 5 લોકોના મોત
5. આગામી ત્રણ દિવસ રાજ્યના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM-ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 8 વાગ્યે રાષ્ટ્રને સંબોધન કરશે. 22મી એપ્રિલે  પહલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂરના પગલે શ્રી મોદીનું આ પ્રથમ સંબોધન હશે.

આજે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ તથા અનેક વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# DEFENCE BRIEFING

ડિરેક્ટોરેટ જનરલ ઓફ એર ઓપરેશન્સ, એર માર્શલ એ. કે. ભારતીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની લડાઈ આતંકવાદીઓ અને તેમના સહાયક માળખા સાથે હતી, પાકિસ્તાની સેના સાથે નહીં. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં એર માર્શલ ભારતીએ ઓપરેશન સિંદૂર દરમિયાન કેવી રીતે ભારતીય દળોએ દેશના નાગરિક અને લશ્કરી

માળખાને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડ્યું તે વિશે વિગતો આપી હતી.

એર માર્શલ ભારતીએ જણાવ્યું કે, કે, ભારતે પાકિસ્તાનનાં નુર ખાન એરબેઝ અને રહીમ યાર ખાન એરબેઝને નષ્ટ કર્યા છે.

ભારતની હવાઇ સંરક્ષણ પ્રણાલિનો ચિતાર આપતા ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટ્રી ઓપરેશન્સ-DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ જણાવ્યું કે, પાકિસ્તાની હવાઇ દળે ભારતનાં હવાઇ ક્ષેત્ર અને માળખા પર કરેલા હૂમલાને ભારતનાં ડ્રોન અને બહુસ્તરીય સંરક્ષણ પ્રણાલિ દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યો હતો.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ કામગીરીમાં સહકાર આપવા બદલ સરહદ સલામતી દળ-BSFની પ્રશંસા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું ઓપરેશન સિંદૂર સામેની તમામ પ્રકારની કાર્યવાહીમાં લશ્કરની ત્રણેય પાંખો વચ્ચે સંપૂર્ણ તાલમેલ રહ્યો છે.

તેમણે કહ્યું કે સરકાર, વિવિધ વિભાગો, એજન્સીઓ અને દેશના 140 કરોડ લોકોનું તેમને સંપૂર્ણ સમર્થન હતું.

**(BYTE - LT GEN RAJIV GHAI ON BSF)**

પત્રકાર પરિષદમાં ડાયરેક્ટર જનરલ ઓફ નેવેલ ઓપરેશન્સ વાઇસ એડમિરલ એએન પ્રમોદે જણાવ્યું કે, નૌકાદળ એક સંયુક્ત નેટવર્ક દળ તરીકે કામ કરે છે જે એક સાથે તમામ ક્ષેત્રોમાંથી ઉદભવતા જોખમોનું સમાધાન કરવામાં સક્ષમ છે.

. . . . . . . . . . . .

# POLICE FIR

ઓપરેશન સિંદૂર દરમિયાન રાજ્યમાં સોશિયલ મીડિયા પર દેશવિરોધી પોસ્ટ કરનાર 14 લોકો સામે FIR દાખલ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ ગુજરાત પોલીસની ઇન્ટેલિજન્સ શાખા અને સોશિયલ મીડિયા મોનિટરિંગ યુનિટ દ્વારા આવી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી. આ દરમિયાન, 14 વ્યક્તિઓએ દેશવિરોધી, લોકોમાં વૈમનસ્ય ફેલાય અને સેનાનું મનોબળ તૂટે તેવા લખાણો પોસ્ટ કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેમાં ખેડા જિલ્લામાં 2, ભૂજમાં 2 FIR ઉપરાંત જામનગર, જુનાગઢ, વાપી, બનાસકાંઠા, આણંદ, અમદાવાદ, સુરત શહેર, વડોદરા, પાટણ અને ગોધરા જિલ્લામાં એક-એક મળી કુલ 14 FIR દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

## AIRPORTS

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ નાગરિક વિમાન સંચાલન માટે અસ્થાયી રૂપે બંધ કરાયેલા 32 હવાઈમથક તાત્કાલિક અસરથી ફરી શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાતનાં ભુજ, કંડલા, નલિયા, મુંદ્રા, જામનગર કેશોદ, પોરબંદર અને હિરાસર હવાઈ મથકેથી પણ હવે રાબેતા મુજબ ઉડ્ડયન શરૂ થયું છે. અગાઉ આ હવાઈ મથકો આ મહિનાની 15 તારીખ સુધી નાગરિક વિમાન સંચાલન માટે બંધ હતા.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CM PROBATIONARY IAS

2024ની બેચના ગુજરાતને ફાળવાયેલા 8 યુવા પ્રોબેશ્નરી સનદી અધિકારીઓએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની લીધી હતી. શ્રી પટેલે અધિકારીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, ગુજરાતમાં જન સેવાની તેમને જે વિશિષ્ટ તક મળી છે તેને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા આ યુવા અધિકારીઓ પોતાનું સંપૂર્ણ યોગદાન આપીને ઉજાગર કરશે એવો તેમને વિશ્વાસ છે. આ પ્રોબેશ્નરી IAS અધિકારીઓ ખેડા, અમરેલી, કચ્છ, રાજકોટ, ભરૂચ, તાપી, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સુપરન્યુમરી આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂંક માટે ફાળવવામાં આવ્યા છે.

. . . . . . . . . . . .

# Harsh sanghvi

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે વિડીયો કોન્ફરન્સિંગનાં માધ્યમથી જિલ્લા કલેક્ટરો, પોલિસ સુપ્રિન્ટેન્ડ્ન્ટ્સ અને પોલિસ કમિશનરો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં શ્રી સંઘવીએ નાગરિક સંરક્ષણ અંગે રાજ્યનાં નાગરિકોને જાગૃત કરવા સહિતનાં મુદ્દે ચર્ચા યોજી હતી.

. . . . . . . . . . . .

# BHAVNAGAR ACCIDENT

ધોલેરા-ભાવનગર હાઇવે પર સાંઢીડા નજીક બે કાર વચ્ચે અકસ્માત થતાં મહિલા સહિત 5 લોકોના મોત થયા છે. ભાવનગર તરફથી આવી રહેલી કાર અને ધોલેરાથી ભાવનગર તરફ જઈ રહેલી કાર વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# WEATHER

આગામી ત્રણ દિવસ રાજ્યના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે સૌરાષ્ટ્ર કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે આગામી 5 દિવસમાં તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો વધારો થશે.

(બાઇટ: રામાશ્રય યાદવ – વૈજ્ઞાનિક)

ડાંગ જિલ્લાનાં સાપુતારામાં આજે ગાજવીજ પવન સાથે વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં 14 તાલુકામાં આજે હળવો વરસાદ નોંધાયો.

. . . . . . . . . . . .

# JAGDISH VISHWAKARMA GANDHINAGAR

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગાંધીનગર ખાતે "કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ પ્રોજેક્ટ" અમલીકરણની સમીક્ષા કરી. આ બેઠકમાં તેમણે પ્રોજેક્ટ અમલીકરણ કામગીરીને વેગવાન બનાવવા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે રાજ્યના તમામ દૂધ સંઘો તથા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને પરિણામલક્ષી બનાવવા

માટે રાજ્યમાં "કોઓપરેશન અમોન્ગાસ ધ કોઓપરેટિવ" પાયલટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .

## MORBI MACHCHU DAM

મોરબીની જીવાદોરી સમાન મચ્છુ-2 ડેમના દરવાજા બદલવાની કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ થઈ જશે. આજે જિલ્લા કલેકટર, બે ધારાસભ્ય અને પાણી પુરવઠા વિભાગના અધિકારી સહિતની ટીમે ડેમની મુલાકાત લીધી હતી. આ અંગે મચ્છુ ડેમ અધિકારી બી.સી.પનારા એ જણાવ્યું કે ડેમના 33 પૈકી 18 દરવાજાનું સંપૂર્ણ કામ પૂર્ણ થઇ ગયું છે.

(બાઈટ: બી સી પનારા – મચ્છુ ડેમ અધિકારી)

. . . . . . . . . . . .

## NURSE DAY

રાજ્યમાં અનેક સ્થળોએ આજે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સુરત સિવિલ હોસ્પિટલમાં ધારાસભ્ય સંગીતાબેન પાટીલની ઉપસ્થિતિમાં નર્સ દિવસની ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલની નર્સ બહેનોએ રક્તદાન કરીને 30 યુનિટ

રક્ત એકત્ર કર્યું હતું. દરમિયાન, ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ત્યજી દેવાયેલા બાળકની 79 દિવસ સુધી સારસંભાળ કરનાર નર્સ શિલ્પાબેન બારૈયાની કામગીરીને જિલ્લા કલેકટરે બિરદાવી હતી. ડાંગ જિલ્લાના આહવા ખાતેની સરકારી નર્સિંગ સ્કુલ ખાતે જનરલ હોસ્પિટલના અધિક્ષક મિતેષ કુનભીની ઉપસ્થિતિમાં “આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ” ની ઉજવણી કરાઇ. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ડોક્ટર અને દર્દીને સાંકળતી એક મહત્વની કડી નર્સ છે.

. . . . . . . . . . . .